હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તારાથી આવું ન લખાય...!! એ જે હોય તે...!!

પાવન પર્યુષણ છઠ્ઠો દિવસ

રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ

તર્ક પ્રધાન વ્યક્તિત્વ માટે અણમોલ અવસર

કોઈપણ માણસને તમે કાંઈ પણ આપો એટલે તરત જ તર્ક કરે કે આ જ કેમ આપ્યું? બીજું કાંઈ કેમ ના આપ્યું? તમે માણસને કાંઈ કહો તો તેનું મન તરત તર્કો કરશે કે, આમ જ કેમ કહ્યું? અથવા મને જ કેમ કહ્યું? મતલબ કે માનવ મન તર્ક ખૂબ કરે છે. કેમ? શા માટે? કેવી રીતે? આ બધા પ્રશ્નાર્થ શબ્દો આપણે ખૂબ જ વાપરીએ છીએ અને આપણી આ પરિસ્થિતિ સમજીને ભગવાને ધર્મના દરેક તત્વોની પાછળ તેના તર્ક સ્પષ્ટ રીતે બતાવ્યા છે. કાળના પ્રવાહમાં કેટલીક બાબતના વિઝન પ્રાપ્ત ન પણ થતા હોય તો પણ મહત્તમ બાબતો વિશે આપણા મનની શંકાઓ નિર્મૂળ બની જાય એટલે બાકીની બાબતો પણ સાચી માની લેવી જોઈએ.

ખીચડીના ૨-૪ દાણા દબાવો એટલે ખબર પડી જ જાય છે કે ખીચડી પાકી છે કે કાચી? તો પર્યુષણના છઠ્ઠા દિવસે કલ્પસૂત્રના સવારના પ્રવચનમાં ભગવાનનું બાળપણ અને યૌવન વિશે વાત આવે છે. દીક્ષા ગ્રહણ, સાધના અને કઠોરા તપશ્યાની વાત પણ સવારે આવી જાય છે. પછી બપોરના પ્રવચનમાં ગણધરવાદનું અદ્‌ભૂત પ્રવચન થાય છે. ભગવાન મહાવીર સર્વજ્ઞ અર્થાત કેવળજ્ઞાની થયા ત્યાર પછી તેમણે પ્રથમદેશના આપી તેનો કોઈ જીવને દીક્ષા ગ્રહણના ભાળ ન થયા. તેથી ભગવાને બીજા દિવસે (વૈશાખ સુદ-૧૧)ના અન્યત્ર જઈ દેશના આવી ત્યાં ૧૧ મોટા પંડીત બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા, તેઓ આ દેશમાં ભગવાન મહાવીરને યાદ કરીને હરાવવા આવ્યા પણ ભગવાને તે બ્રાહ્મણોની મનની તત્વ વિશેની શંકા પ્રગટ કરી તેનો અદ્‌ભૂત જવાબ વેદના જ વાક્યોના સમ્યગ અર્થઘટન કરીને આપ્યા. આ જવાબ ધ્વારા તે બ્રાહ્મણોની શંકા નિર્મૂળ થઈ. તે ૧૧ મહા પંડિત બ્રાહ્મણોએ પોતાના ૪૪૦૦ (ચાર હજાર ચારસો) શિષ્યો સાથે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યુ. જૈન દિક્ષા અંગીકાર કરી, ચંદન બાળા વગેરેએ જૈન સાધ્વી દીક્ષા ગ્રહણ કરી અને સેંકડો લોકો શ્રાવક-શ્રાવિકા રૂપે ભગવાનના ગૃહસ્થ અનુયાયી થયા. આમ, ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

બસ, આ ૧૧ મહા પંડિત બ્રાહ્મણોને જે શંકાઓ હતી એ આજની પેઢીને પણ છે જ. આત્મા છે કે નહીં? પરલોક છે કે નહીં? સ્વર્ગ-નર્ક છે કે નહીં? મોક્ષ છે કે નહીં? પુણ્ય-પાપ છે કે નહીં? આવી જ શંકાઓ તે મહા પંડિતોની હતી, પણ ખૂબી એ હતી કે આવી શંકાઓ સંદર્ભે તેમના મનનો દરવાજો ખુલ્યો હતો. હું મારી માન્યતા જ સાચી એમ માનવાની મૂર્ખામી કરવાને બદલે તેઓ જ્યાંથી સાચુ જાળવા મળે ત્યાં જવા, તે સમજવા, અને તે સાચુ લાગે તો પોતાની માન્યતા છોડીને તે માન્યતા સ્વીકારવા તેઓ તૈયાર હતા અને માટે જ એમને સાચો જવાબ મળતા સત્ય સ્વીકારી લઈ, સાચા માર્ગે ચઢી જતા ખચકાયા નહીં.

ઉલ્લેખનીય છે કે મહા વિધ્વાન બ્રાહ્મણ ૧૧ પંડિતોએ ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય શિષ્યો તરીકે પ્રસ્થાપિત થયા, જેમને જૈન પરિભાષામાં ''ગણધર'' કહેવાય છે.

આ ગણધરો પાસેથી, ''સાચું તે મારુ''ની નિખાલસ કબુલાતના ગુણની માંગણી કરવી જોઈએ અને ગણધરવાદનું પ્રવચન અવશ્ય સાંભળવું જોઈએ.

ધોળાકુવા પાસે માતા-દિકરીનું મૃત્યુ નિપજાવનાર કારચાલક ઝડપાયો

એકટીવા પર માતા-દિકરી અને પુત્ર અમદાવાદ જઈ રહ્યા હતા, તે સમયે ધોળાકુવા પાસે કારે ટક્કર મારી હતી, પોલીસે કાર ચાલકની ધરપકડ કરી, કારચાલક ચટકો હોટલનો માલિક

ગાંધીનગર, તા.૭

શહેરના ચ-૦ થી ધોળાકુવા પાટીયા વચ્ચે કિયા કારના ચાલકે રોકેટ ગતિએ કાર હંકારતા એકટીવાને ટક્કર મારી ચાલક છુમંતર થઈ ગયો હતો. આ બનાવમાં એકટીવામાં સવાર મા-દિકરી માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયુ હતું. જયારે યુવકનો આબાદ બચાવ થયો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી તપાસ કરતા કાર ચાલક ગાંધીનગરની ચટકો હોટલનો માલિક હોવાનું સામે આવતા પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દશ દિવસ અગાઉ અમદાવાદ શાહીબાગ ગણપત સોસાયટી ખાતે રહેતા યોગીનીબેન મહેશભાઈ ત્રિવેદી (ઉં.૪૭, તેમની દિકરી જૈમીની (ઉં.૨૧) અને દિકરો રાહુલ (ઉં.૧૭) એકટીવા લઈને ગાંધીનગર ખાતે સંબંધીના ઘરે આવ્યા હતા. યોગિની બેનના પતિ મહેશભાઈનું એક વર્ષ અગાઉ અવસાન થયું છે. જયારે જૈમિની સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી

કરી રહી હતી. તહેવારની મૌસમ અને જૈમિનીને યુપીએસસીનું મટીરીયલ લેવાનું હોવાથી ગાંધીનગર ખાતે સંબંધીના ઘરે માતા અને ભાઈ સાથે આવી હતી. રાત્રીના સમયે ગાંધીનગર થી અમદાવાદ પરત એકટીવા પર મા-દિકરી અને દિકરો જઈ રહ્યા હતા.તે સમયે અચાનક પાછળથી કાર ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી ટક્કર મારી છુમંતર થઈ ગયો હતો. જયારે મા-દિકરી રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ તેઓનું મૃત્યુ થયુ હતું.જયારે રાહુલનો આબાદ બચાવ થયો હતો. ત્યારે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી કીયા કારના ચાલકની તપાસ હાથ ધરી હતી. કારના નંબરને પગલે કુડાસણ પ્રતિક મોલની પાછળ સનરાઈઝ બંગ્લોઝ ખાતે રહેતા જીગ્નેશ જયંતિલાલ પટેલ હોવાનું સામે આવ્યું હતું. જયારે કાર ચાલક ગાંધીનગરમાં ચટકો હોટલ ધરાવે છે. કાર ચાલક ઘ-૫ થી ઘરે જઈ રહ્યા હતા તે સમયે માર્ગમાં અકસ્માત સર્જાયો હતો. પોલીસે કાર ચાલકની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન અને સચિવાલયના અન્ય એસોસિએશન વતી રાજ્ય સરકાર દ્વારા ૧૧% મોંઘવારી ભથ્થાની જાહેરાત સંદર્ભે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાહેબની રૂબરૂ મુલાકાત કરી પુષ્પગુચ્છ અર્પણ કરી આભાર માન્યો.

ભાટ રાધે ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષ પાસે કારમાંથી ચોરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ સ્થિત રાધે ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષ ખાતે આવેલી ઓનેસ્ટ હોટલમાં જમવા માટે ગયેલા પરિવારની ગાડીના આગળના ભાગનો દરવાજો ખોલીને લેડીઝ પર્સમા રહેલો મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ.૩ હજાર મળીને કુલ રૂ.૧૬,૪૯૯ ની મત્તાની ચોરી કરી ચોર શખ્સ પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસ આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઓઢવ શ્રીજી કૃપા સોસાયટી એ-૫ ખાતે રહેતા ગૌરાંગ નરેશભાઈ બારોટ પરિવાર સાથે રહે છે અને આઈટી આઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રાકટર તરીકે ચાર વર્ષથી ખેડા જિલ્લાના પલાણા ખાતે ફરજ બજાવે છે. ગત તા.૫ ના રોજ ગૌરાંગભાઈ તેમના ભાઈની સાસરી વિસનગર પાસે દેવડા ગામે ગયા હતા. ત્યાથી પરત ફરતા રાત્રીના આઠ વાગે ભાટ પાસે જમવા માટે ઓનેસ્ટ હોટલ પાસે ગાડી ઉભી રાખી હતી. માત્ર અડધો કલાકમાં જમીને પરત આવતા કોઈ ચોર શખ્સે ગાડીના આગળના ખાલી સાઈડનો દરવાજો ખોલીને લેડીઝ પર્સમાંથી રોકડા રૂ.૩ હજાર અને મોબાઈલ ફોનની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૧૬,૪૯૯ ના મત્તાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કોરોના સમયમાં મૃત્યુ પામનાર વૃધ્ધ દંપતિએ પુત્રવધુના ત્રાસથી ઝેરી દવા પી આપઘાત કર્યાનો ખુલાસો

ગાંધીનગર, તા.૭

ન્યુ ગાંધીનગર રાંદેસણ વિસ્તારમાં આવેલી રેસીડેન્સીમાં કોરોના કાળ દરમિયાન મે માસમાં વૃધ્ધ દંપતિનું શંકાસ્પદ મૃત્યુ થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. ત્યારે આ બનાવમાં વૃધ્ધ દંપતિએ પુત્રવધુના ત્રાસને પગલે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આપઘાત કરતા પહેલા વડીલે જિલ્લા પોલીસ વડા અને સમાજના આગેવાનોને પણ સ્યુસાઈડ નોટ અરજીરૂપે લખી મોકલી આપી હતી. જેથી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન ખાતે પુત્રવધુ સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક રાંદેસણ વિસ્તારમાં પ્રમુખ રેસીડેન્સી ખાતે રહેતા જીગરભાઈ ભરતભાઈ ગજજર (સુથાર) ઈન્ડિગો એરલાઈન્સમાં એન્જીનિયર તરીકે અમદાવાદ એરપોર્ટ પર નોકરી કરે છે. તેના લગ્ન વર્ષ ૨૦૧૦માં કલોલ ખાતે રહેતા અરવિંદભાઈ અંબાલાલ ગજજરની દિકરી પૂર્વી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને એક દિકરી અને દિકરો છે. ભરતભાઈ મણીલાલ ગજજર અને જશોદાબેન દિકરા જીગર સાથે એક દાયકાથી સાથે રહે છે. ત્યારે જીગરના પિતા એલ એન્ડ ટી કંપનીમાં મુંબઈથી વર્ષ ૨૦૦૨માં નિવૃત થયા હતા. કોરોના સમયમાં તા.૧૯-૫-૨૧ ના રોજ જીગરભાઈ તેમની પત્ની અને દિકરી રાત્રીના સમયે ઘરના પ્રથમ માળે સુવા માટે ગયા હતા. તે સમયે જીગરભાઈનો દિકરો તેમના માતા-પિતા સાથે નીચે સુઈ ગયો હતો.જો કે થોડા સમય બાદ જીગરભાઈ પુત્રને સાથે લઈ ગયા હતા. તે સમયે તેમના માતાએ ફ્રીજમાંથી દુધ કાઢીને મુક્યું હતું. જયારે તા.૨૦-૫-૨૧ ના રોજ સવારે વૃધ્ધ દંપતિને નીચે બેભાન હાલતમાં જોઈ પૂર્વીએ જીગરભાઈને જાણ કરી હતી. જેથી સૌ પ્રથમ ભરતભાઈને એસએમવીએસમાં એડમીટ કરાયા હતા. ત્યારબાદ માતાને લઈને આવતા જગ્યા ન હોવાથી જશોદા બેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં જશોદાબેનને મરણ જાહેર કર્યા હતા. ત્યારબાદ ભરતભાઈની તબિયત વધુ બગડતા વેન્ટીલેટર ખાલી ન હોવાથી તેઓને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં તા.૨૭-૫-૨૧ ના રોજ અવસાન થયું હતું. ઈન્ફોસીટી પોલીસે વૃધ્ધ દંપતિના શંકાસ્પદ મોત અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાને વૃધ્ધ દ્વારા લખવામાં આવેલી સ્યુસાઈડ નોટના સ્વરૂપમાં મોકલવામાં આવેલી અરજી મળી આવી હતી. આ અરજીમાં પૂર્વી જશોદાબેનને ખાવા-પીવા તેમજ કામ કરવા અંગે ત્રાસ આપતી હોવાનો આક્ષેપ કરી આપઘાત કરતા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. જિલ્લા પોલીસ વડાને આ સ્યુસાઈડ નોટ મળે તે પહેલા જ ભરતભાઈ અને પત્ની જશોદાબેને ઝેરી દવા પી ને આપઘાત કર્યો હતો. દંપતિએ મૃત્યુ પહેલા સ્યુસાઈડ સ્વરૂપની અરજી સમાજના આગેવાનો અને જિલ્લા પોલીસવડાને મોકલી આપી હતી. પોલીસે પૂર્વી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મહેસાણા ચોરીના ગુનામાં એક દાયકાથી નાસતા ફરતા આરોપીને દાહોદથી પોલીસે પકડી પાડ્યો

વર્ષ-૨૦૧૧માં મહેસાણા ખાતે અઢી લાખની ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપી દશ દશ વર્ષથી સ્થાનિક પોલીસની પકડથી દુર રહ્યો

હતો. આરોપી દાહોદ જિલ્લાના ડુંગરાળ વિસ્તારમાં છુપાઈને રહેતો હતો. દાહોદના બજારમાં ચિકન લેવા માટે નીકળતા જ આરોપીને બાજ નજર રાખીને બેઠેલા એલસીબી પોલીસના જવાનોએ દબોચી લીધો હતો. મહેસાણા જિલ્લાના બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં વર્ષ ૨૦૧૧માં અઢી લાખની ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો. આ ચોરીમાં દોઢ લાખના દાગીના અને એક લાખ રોકડા હતા. જે તે સમયે પોલીસે ચોર ટોળકીના ચાર સભ્યોને દબોચી લીધા હતા. પરંતુ દાહોદનો મુકેશ મડીયાભાઈ ખરાડી એક દાયકાથી પોલીસથી નાસતો ફરતો હતો. આ આરોપીને પકડી પાડવા માટે એલસીબી-૨ ને સુચનાઓ મળી હતી. જેથી એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમ દાહોદ મોકલી હતી. પોલીસની ગંધ આવી જતા મુકેશ ખેતરમાં થઈને નાસી ગયો હતો. જયારે શ્રાવણ માસ પૂર્ણ થયા બાદ દાહોદના બજારમાં ડેરો ભરાતો હોય છે. આ ડેરામાં નોનવેજની ખરીદી માટે નાગરીકો મોટી સંખ્યામાં આવે છે. આ ડેરામાં મુકેશ આવે તેવા અણસાર પોલીસને આવતા પોલીસે બે દિવસથી વોચ ગોઠવી હતી. તે દરમિયાન મુકેશ ખરાડી બજારમાં ચિકનની ખરીદી માટે આવ્યો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા પંચાયતમાં આજથી પંચાયત વિભાગની ટીમ દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના અધ્યક્ષપદે રચાયેલ ૧૫ મા નાણાંપંચના કામોના આયોજન માટેની સમિતિની બેઠક આજે મળી હતી.
- બુધવારના રોજ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લાકક્ષાની સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીની જાહેરાત પછી અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘના અધ્યક્ષપદે આજે ચૂંટણી અધિકારીઓની એક મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને પગલે આજે કેટલાક વોર્ડમાં પુનઃ પ્રચાર અભિયાનનો પ્રારંભ થયો છે. જેમાં ઉમેદવારો ભરાયેલા પાણીમાં દવાનો છંટકાવ કરી અને મત માગી રહ્યાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં કોવિડ વેક્સિનેશન અભિયાનમાં ૧૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૯૪૦૦ જેટલા અને શહેરમાં ૨૭૨૭ લોકોનો સમાવેશ થાય છે.
- રાજ્ય ચૂંટણી પંચમાં સંયુક્ત કમિશનર તરીકે નિવૃત્ત સનદી અધિકારી એન.કે. ડામોરની નિયુક્તી કરવામાં આવી છે.
- રાજ્યના વેધર વૉચ ગ્રૂપની આજે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.

ચંદ્રકાન્તભાઈ પરમાર સમર્પણ પાર્ક વાવોલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૭

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સમર્પણ પાર્ક, વાવોલના રહિશ ચંદ્રકાન્ત મોહનલાલ પરમારને ભારત સરકાર દ્વારા રાષ્ટ્રપતિ મેડલ-૨૦૨૧ની પસંદગી કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જિલ્લા કમાન્ડ હોમગાર્ડ કચેરીમાં 'સેકન્ડ ઈન કમાન્ડ'ના હોદ્દા સાથે નોકરી ઉપરાંત પ્રશંસનીય અને ઉમદા માનદ સેવાઓની કામગીરીને ધ્યાને લઈ પસંદગી કરેલ છે. જેથી સોસાયટી ખાતે તેઓનું મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ તેમની માતા અને ધર્મપત્નિનું સન્માન કરવામાં આવ્યું હતું. બે વર્ષથી સમર્પણ પાર્કમાં બે રાષ્ટ્રપતિ ચંદ્રક પ્રાપ્ત થતા વોર્ડ નં. ૭ ગાંધીનગર મનપાનું ગૌરવ વધાર્યું છે.

શ્રાવણ માસનો છેલ્લો દિવસ સોમવતી અમાવસ્યાના સુભગ સમન્વય સાથે પૂર્ણ થતાં ગ્રીનસીટી, સેક્ટર-૨૬ના હનુમાનજી મંદિર ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરી સુંદર શણગાર કરવામાં આવ્યો હતો. ચોકલેટથી નયનરમ્ય ડીઝાઈન બનાવવામાં આવી હતી અને ૧૦૮ દિપની આરતી સાથે દર્શનનો લાભ લીધો હતો.

સેક્ટર-૩૦ ખાતેથી પીએસઆઈનું બાઈક ચોરાયું

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ બ્લોક નં,૧૮૯ ખાતે રહેતા અને સીએમ સિક્યુરીટીમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા અગજીભાઈ રૂપસીભાઈ પટેલ નું ઘર પાસે પાર્ક કરેલુ બાઈક નં.જી.જે.૦૮.બી.પી.૨૩૨૮ કોઈ ચોર શખ્સ ચોરી કરીને પલાયન થઈ ગયો હતો. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વાવોલની સાર્થક સફલના બિલ્ડરને કાયદેસર રીતે સોસાયટીની રચના કરવા રેરાનો આદેશ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના વાવોલ ખાતેની સાર્થક સફલ રહેણાંક સ્કીમમાં લાંબા સમયથી બિલ્ડર અને સોસાયટીના રહીશો વચ્ચે પડેલી મડાગાંઠનો અંત આવ્યો છે અને રેરા દ્વારા સોસાયટીના રહીશોની તરફેણમાં નિર્ણય કરીને પ્રોજેક્ટના બિલ્ડરને તથા તેના ભાગીદારોને સોસાયટીની કાયદેસર રીતે રચના કરવા આદેશ કર્યો છે.

વાવોલની સાર્થક સફલ સ્કીમમાં બિલ્ડર દ્વારા બ્લોક 'એ' થી 'ડી' સુધીનું કામ પૂર્ણ કરી અંશતઃ વપરાશની પાર્ટલી બીયુ પરમીશનનું પ્રમાણપત્ર મેળવી મકાન ધારકોને કબજો સોંપવામાં આવ્યો હતો તેનું ફરિયાદીઓની ફરિયાદમાં જણાવાયું હતુ. આ સાથે જણાવાયું હતુ કે બિલ્ડ દ્વારા વધુ ચાર બ્લોક 'ઈ' થી 'એચ' નું વેચાણ કરીને તેનું બાંધકામ પૂર્ણ થતા ગુડા દ્વારા બિલ્ડરને સમગ્ર સ્કીમનું એટલે કે એથી એચ સુધીના તમામ બ્લોક્સની બીયુ પરમીશન આપવામાં આવી હતી. જો કે બિલ્ડર દ્વારા બીયુ પરમીશનનું ખોટુ અર્થઘટન કરીને માત્ર સોસાયટી રજીસ્ટ્રેશન માટે અરજી કરાતા ફરિયાદીઓ દ્વારા વાંધો ઉઠાવી રેરામાં અપીલ કરવામાં આવી હતી જેના સંદર્ભમાં રેરા દ્વારા બિલ્ડરને તમામ એ થી એચ બ્લોકના દરેક બ્લોકમાંથી બે-બે સભ્યોના નામ નોંધી એક જ સોસાયટી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા બે માસમાં પૂર્ણ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

આજથી કાવડ પાટીયા ગામે રામદેવપીર મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં કાવડ પાટીયા ગામે કપડવંજ-મોડાસા રોડ પર નવનિર્મિત બાબા રામદેવ પીરના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું તા. ૮મી સપ્ટેમ્બરથી તા. ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં અંતિમ દિવસે યોજાનારા ત્રેત્રીસ જ્યોત પાટોત્સવમાં ડાકોર ગુટ્ટુ ગાદીપતિ ભક્તિરામ બાપુ તથા કપડવંજના ગુરૂ ગાદીપતિ કૈલાશ બાપુ ઉપસ્થિત રહેશે. મંદિરમાં બાબા રામદેવ પીર ઉપરાંત મહાકાળી માતાજી, મોમાઈ માતાજી અને ભટીયાણી માતાજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવશે.

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનની પ્રથમ કાઉન્સીલ મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૭

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન-ઉસીની પ્રથમ કાઉન્સીલ મીટીંગ રવિવારે યોજાઈ હતી. આ મીટીંગ સારસ્વત હાઈસ્કૂલ કેમ્પસ, બાયડ મુકામે જાયન્ટસ ગ્રૂપ ઓફ બાયડ તથા બાયડ સાહેલી ગ્રૂપના યજમાનપદે યોજાઈ હતી. જેમાં ૨૫ જેટલા કાઉન્સીલરોએ હાજરી આપી હતી. બાયડ ગ્રૂપના નવા પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યોનો શપથનવિધિ કાર્યક્રમ પણ યોજાયો હતો. કોરોના મહામારીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ધર્મેશભાઈ સોનીને સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ મીટીંગમાં રસિકભાઈ સુથાર (જા.વે.ફા. મુંબઈના સેન્ટ્રલ કમીટી મેમ્બર), ડૉ એન.કે. ડેરીયા, અંબાલાલ પટેલ, બી.એમ. પટેલ, કૌશિક પટેલ, બ્રિજેશ બાવસાર, સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ તથા સર્વે કાઉન્સીલર સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

Changed Name

I have changed my name from Parmar Nosha Manojkumar to Uperiya Nosha Manojkumar

C/10/5, G.E.B. Colony, Gandhinagar

તૈયાર ભોજન ટેન્ડર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર), ઈડર, સરકારી કુમાર છાત્રાલય (અ.જા.) ઈડર, તથા સરકારી કુમાર છાત્રાલય (અ.જા.), હિંમતનગર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે છાત્રાઓને તૈયાર ભોજન પુરું પાડવા માટેના ભાવો મેળવવા ટેન્ડર GEM Portal મારફતે તા. ૭/૯/૨૦૨૧ના રોજ અનુક્રમે બીડ નંબર GEM/2021/B/1499125, બીડ નંબર GEM/2021/B/1499394 તથા બીડ નંબર GEM/2021/B/1499473 જાહેર કરેલ છે. સ્થળ પર તૈયાર ભોજન પુરું પાડવા રસ ધરાવકતા પાર્ટી / વેપારી / પેઢી / સંસ્થા કેટરર્સએ GEPortal મારફત ટેન્ડર ભરવાનું રહેશે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
હિંમતનગર, જિ. સાબરકાંઠા

નામાનિ/હિંમત/૩૦૬/૨૦૨૧

પ્રકૃતિનો છે સંદેશ, ઘરે-ઘરે માટીના ગણેશ



બાપ્પાની આરાધના અને ગણેશ ઉત્સવની મજા માણીએ

સ્વચ્છતા સાથે સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખીએ અને સરકારના પ્રયાસોને સફળ બનાવીએ

માસ્ક પહેરી, સામાજિક અંતર જાળવી, આવો મહામારીનું કરીએ વિસર્જન

કારીગરો પાસેથી માટીની મૂર્તિ મેળવવાના સ્થળો

અમદાવાદ : ગુલબાઈ ટેકરા, રામદેવનગર, જોધપુર ટેકરા, રાણીપ, વાસણા, વાડજ, અડાલજ, શેરથા.
વડોદરા : સિંધવમાતા રોડ, ખંડેરાવ માર્કેટ, તરસાલી, મોહમ્મદ તળાવ, આજવા રોડ, ગોત્રીરોડ, માંજલપુર.
સુરત : હોડી બંગલા, અડાજણ, જહાંગીરપુરા, પાંડેસરા, હરીચંપા, ડીંડોલી, નેમનગર, બમરોલી, પર્વત પાટીયા, હરિનગર, લંબે હનુમાન રોડ

વધુ માહિતી માટે સંપર્ક કરો ૭૫૭૫૦ ૮૮૭૮૮,
સમય: સવારે ૯.૦૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી

કમિશ્નર અને સચિવ, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન (ગુજરાત સરકારની સંસ્થા) સેક્ટર-૧૨, ગાંધીનગર.